02 દિવસ બાકી મતદાન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૫ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૨, શનિવાર; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કોંગ્રેસ ગુજરાતની પરંપરાઓનું પુનઃ સ્થાપન કરશે

કલોલ ખાતે જંગી જાહેરસભામાં સોનિયા ગાંધી છવાઈ ગયાં : ગરીબો, ખેડૂતોને અન્યાય કરનાર અને માલેતુજારોને મદદરૂપ બનનાર સરકારને હાંકી કાઢવા કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીનું આહ્વાન

ગાંધીનગર, તા.૧૪

ગરીબોનું શોષણ, ખેડૂતોને અન્યાય અને માલેતુજારોને ફાયદો થાય તેવી રાજનીતિ તેમજ વીજળી વેચી નફો રળતી ગુજરાત સરકારને હાંકી કાઢવી જોઈએ તેવું આહ્વાન આજે કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીએ કર્યું હતું.

ગાંધીનગર જિલ્લાના કલોલ નજીક એક વિશાળ જનસભાને સંબોધતાં મોદી સરકાર પર ગંભીર આરોપો લગાવતાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય પાવર ગ્રીડમાંથી ૩ હજાર કરતાં પણ વધુ મે.વો. વીજ પુરવઠો ગુજરાતને અપાય છે તેમાંથી ૮૦૦ મે.વો. જેટલી વીજળીનું વેચાણ કરી સરકાર નફો રળે છે જયારે ખેડૂતોને પુરતી વીજળી આપતી નથી.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની પરંપરાઓના પુનઃસ્થાપન, ગરીબોના વિકાસ માટે તેમજ રાજયની ખુશહાલી માટે કોંગ્રેસ કટિબધ્ધ છે એટલું જ નહિ ચૂંટણી પહેલાં આપેલા વચનો પણ પરિપૂર્ણ કરવા માટે તેઓ અને તેમનો પક્ષ જાનની બાજી લગાવી દેશે.

શ્રીમતિ ગાંધીએ જણાવ્યું હતું કે યુ.પી.એ. ની કેન્દ્ર સરકારે એન.ડી.એ. ના શાસન કરતાં ૫૦ ટકા જેટલી રકમ ગુજરાતને ફાળવી છે પણ આ પૈસા જે ગરીબોના કલ્યાણ માટે વાપરવાને બદલે અન્ય જગ્યાએ તેના ખર્ચા કર્યા છે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કેગના રિપોર્ટમાં સાબિત થયેલા ભ્રષ્ટાચારમાં આરોપીઓ સામે પગલાં લેવાતા નથી અને નિર્દોષોને ફસાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે કૃષિ સેકટર ક્ષેત્રે જે વીજ પુરવઠો મળે છે તે પણ રાજય સરકાર ખેડૂતોને આપતી નથી અને ઉપરથી ખેડૂતોને વીજ ચોર તરીકે ગણી તેમને સજા કરવામાં આવી રહી છે. કૃષિ ક્ષેત્રના વિકાસ માટે અનેકવિધ

સોનિયાએ ગુજરાતીમાં મતદારોને અપીલ કરી

ગાંધીનગર, તા.૧૪

કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીએ આજે કલોલની જાહેરસભામાં ગુજરાતી ભાષામાં મતદારોને ભારે મતદાન કરી અને

કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવાની અપીલ કરતાં લોકોમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી એટલું જ નહિ તે લોકોને એટલી સ્પર્શી ગઈ હતી કે સભામાં જ લોકોએ કહ્યું કે ગુજરાતી પાકી આવડે છે.

સોનિયા ગાંધીએ તેમના પ્રવચનમાં કલોલની નવજીવન અને મહેન્દ્રમિલનો પણ ઉલ્લેખ કર્યો હતો એટલું જ નહિ આ મિલો બંધ થતા તેના કારીગરોના ઉત્થાન માટે સરકારે કોઈ પગલાં કેમ લીધા નહિ તેવો પ્રશ્ન કરી પ્રજા પર તેનો ઉત્તર છોડી દીધો હતો.

● અનુસંધાન પાન-૭ પર

સિરક્કિકનો મુદ્દો પ્રજાને ગુમરાહ કરવા ઉઠાવાયો છે : સોનિયા

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સિરક્કિકનો મુદ્દો ઉખેળી દેશની એકતા અને અખંડિતતા સામે જે પ્રશ્ન ઉઠાવ્યો છે તે અંગે ઉગ્ર રોષ સાથે આજે કોંગ્રેસ પ્રમુખ શ્રીમતિ સોનિયા ગાંધીએ જણાવ્યું હતુ કે એક સાવ બેબુનિયાદ વાતો કરી પ્રજાને ગુમરાહ કરી લાગણી ભડકાવવાનો આ બાલિશ પ્રયાસ છે.

તેમણે કહ્યું કે દેશની એકતા અને અખંડિતા માટે કોંગ્રેસ પક્ષે ક્યારેય કોઈ સમાધાન કર્યુ નથી અને કરશે પણ નહિ. તેમણે જણાવ્યુ હતુ કે એકતા અને અખંડિતતા માટે તેમના પરિવારના સભ્યોના બલિદાન આપ્યા છે.

શ્રીમતિ ગાંધીએ જણાવ્યું હતું કે સત્ય અને અસત્ય વચ્ચે ભેદરેખા હોય છે અને પ્રજા તે સારી રીતે સમજે છે. સત્તા મેળવવા માટે ભાજપ માયાજાળ રચવા માગે છે પણ તે ફાવશે નહિ. અમારે મન સત્તા મહત્વની નથી અમે આ દેશની એકતા અને અખંડિતતા માટે કાયમ છીએ અને રહીશુ.

મોટા મોટા સ્વપ્નાઓ બતાવી અને પ્રજાની આંખમાં ધૂળ નાખવાનું પાપ ભાજપના નેતાઓ આ મુદ્દો ઉછાળીને કરી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

પરેશ રાવલની કલોલમાં જાહેરસભા

ગાંધીનગર, તા.૧૪

ફિલ્મ જગતના જાણીતા અભિનેતા શ્રી પરેશ રાવલની આજે કલોલ ખાતે એક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી પરેશ રાવલની આ જાહેરસભા સવારે સાડા નવ કલાકે યોજવામાં આવી છે. દરમિયાન પ્રદેશ ભાજપની અખબારી યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર ખાતે જિલ્લા ભાજપ દ્વારા યોજાયેલ રોડ શોમાં તારક મહેતાના ઉલ્ટા ચશ્માના દિશા વાકાણી (દયા ભાભી) ઘનશ્યામ નાયક (નટુ કાકા) તન્મય વેકરીયા (બાઘો) અને અસિત મોદી સવારે ૧૦.૩૦ કલાકે જોડાશે. આ પહેલાં આ કલાકારોની ટીમ ચાંદખેડા ખાતે યોજાયેલ રોડ શોમાં હાજરી આપશે.

છ કરોડ ગુજરાતીઓના
ચહેરા પર સ્મિત આવે...
એવું પરિવર્તન

ગરીબ, ગામડા, મધ્યમવર્ગ... સૌનો સર્વસમાવેશક વિકાસ

દેશ ગુજરાતીને મોંઘવારી, બેકારી, સહિતની સમસ્યાઓમાંથી મુક્તિ મળે સૌને લાગ મળે એવું શુભ પરિવર્તન... લાવશે ગુજરાત પરિવર્તન પાર્ટી

કેશુભાઈ પટેલનું વિશ્વસનિય નેતૃત્વ:
જેમણે હંમેશા કહ્યું તે કર્યું છે

પ્રજાને રાહત આપવા
આ પણ કરી બતાવીશું:

- પેટ્રોલ-ડીઝલ, સીએનજી પરના વેટમાં ૩૦ ટકા ઘટાડો.
- ખેડૂતોને ખેતી માટેની વીજળી વિનામૂલ્યે.
- ગામડાના ઘર-વપરાશની વીજળી વિનામૂલ્યે.
- શહેરોમાં વીજ-બીલમાં ૩૦૦ યુનિટ સુધી ૫૦ ટકા રાહત.
- રાંધણગેસના પ્રત્યેક સિલિન્ડરે રૂ.૧૦૦ની રાહત.
- બેરોજગાર યુવાનોને પ્રતિમાસ રૂ. ૧૫૦૦ સુધીનું ભથ્થું.
- ખેતી માટેના પેન્ડીંગ વીજકનેકશનો બે વર્ષમાં આપી દેવાશે.
- ગામડાના ઘરવિહોણા પરિવારોને વિનામૂલ્યે ૧૧૦ ચો.વારનો પ્લોટ, બાંધકામ માટે સરળ હપ્તાનો લોન તથા રૂ. ૨૫,૦૦૦ની સહાય.
- શહેરોમાં પોસાય તેવા ભાવે ઘર: ફ્રી દ્વારા અપાશે.
- એસ.ટી. બસના ભાડામાં ૨૦% ઘટાડો.

ઝાલોદના સાપાઈ ગામે વાન કૂવામાં પડતાં ૧૧ જવાનોનાં મોત

મુખ્યમંત્રીના બંદોબસ્તથી પરત ફરતી વેળા બનાવ : પોલીસ વાનના ડ્રાઈવરને હૃદયરોગનો તીવ્ર હુમલો થતાં કાબૂ ગુમાવતાં વાન કૂવામાં પડી

અમદાવાદ, તા. ૧૪

દાહોદના ઝાલોદ તાલુકામાં સાપાઈ ગામમાં એક પોલીસવાન કૂવામાં ખાબકી જતા ઓછામાં ઓછા ૧૧ પોલીસ કર્મચારીઓના મોત થયા હતા. આજે બપોરે દોઢ વાગ્યાની આસપાસ આ બનાવ બનતા ભારે સનસનાટી મચી ગઈ હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની જાહેરસભા હતી જેના બંદોબસ્તમાં આ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. મોદીની સભામાં ફરજ બજાવ્યા બાદ તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સાપાઈ ગામે એકાએક પોલીસવાનના ડ્રાઈવરને હૃદયરોગનો તીવ્ર હુમલો થતા સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો જેથી આ બસ કૂવામાં ખાબકી ગઈ હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં છ પોલીસ કોન્સ્ટેબલ અને બે પોલીસ જવાનો હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યુ હતુ. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારે સવારે ઝાલોદ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એક ચૂંટણીસભા સંબોધિત કરી હતી. આ કાર્યક્રમમાં ફરજ બજાવ્યા બાદ દાહોદના પોલીસ કર્મચારીઓ વાનમાં દાહોદ પરત ફરી રહ્યા હતા. દરમિયાન સાપોઈ ગામ નજીક વાનના ડ્રાઈવરને હાર્ટ એટેક આવતા વાન રસ્તાની નજીક આવેલા પાણી ભરેલા કૂવામાં ખાબકી હતી. તમામના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા અને ઓળખવિધિ હાથ ધરવામાં આવી હતી.

TVના રીમોટ મળશે
આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬